# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે "મહિલા કૃષિ દિવસ"ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડીયા અંતર્ગત તા.૦૫ અને ૦૬.૦૮.૨૦૧૭ ના રોજ "મહિલા કૃષિ દિવસ"ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ડો. વી આર. બોઘરા, સહવિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ, તેમજ અતિથિ વિશેષમાં ગામ. શેખડીથી પ્રગતિશીલ મહિલા પશુપાલક શ્રીમતિ મીનાબેન પટેલ તથા ગામ. ઇસરામાથી પ્રગતિશીલ ખેત ઉદ્યોગકાર શ્રીમતિ સગુણાબેન ડી. પટેલ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. જી.જી.પટેલ દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યુ જેમાં તેઓએ કૃષિમાં મહિલાઓનો ફાળો, તેમની અગત્યતા તેમજ મહિલાઓની કોઠા સૂઝદ્વારા પરિવારમાં આગવું પ્રદાન બાબતે ચર્ચા કરી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છના સ્થાને તુલસી તથા સરગવાના રોપથી સ્વાગત કરવામાં આવ્યું.ડો. વી આર. બોઘરા સાહેબે તાલીમ દ્વારા મહિલા સશક્તિકરણ અંગે ચર્ચા કરી જે અંતર્ગત તેઓએ ખેતીમાં આવતા પડકારો તેમજ પશુપાલન વિષય પરત્વે વિસ્તૃત ચર્ચા કરી ત્યારબાદ શ્રીમતી અમીતાબેન પરમારે મહિલાઓ દ્વારા બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન તેમજ ધરૂ ઉછેર થકી આર્થિક ઉપાર્જન મેળવી શકે તે બાબતે જણાવ્યુ. પ્રગતિશીલ મહિલા પશુપાલક શ્રીમતિ મીનાબેન પટેલે તેમના પશુપાલનના વ્યવસાયની શરૂઆત અને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન તથા ઓછા ખર્ચ દ્વારા વધુ નફો મેળવવા અંગે તેમની સફળતાની વાત સમજાવી. તે જ રીતે શ્રીમતિ સગુણાબેન ડી. પટેલે બાગાયત ક્ષેત્રે પ્લગ નર્સરી દ્વારા પંદર ગુંઠામાથી લાખોની આવક કેવી રીતે મેળવી તે અંગે તેઓની સફળતાની ગાથા દ્વારા પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા આ રીતે મહિલાઓ દ્વારા જ મહિલાઓને મહિલા સશક્તિકરણનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું.જે અંતર્ગત તેઓને પ્રમાણપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. તાંત્રિક બેઠકના અંતે ડો.એસ.બી.કાટોલે, વૈજ્ઞાનિક(પશુપાલન) દ્વારા પશુપાલન ક્ષેત્રે મહિલાઓના ફાળા વિષે માહિતી આપ્યા બાદ આભારવિધિ વ્યક્ત કરવામાં આવી.

આ કાર્યક્રમમાં અલગ અલગ ગામના ૯૧ મહિલા ખેડૂતોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો. ભોજન વિરામ બાદ સર્વે બહેનોને મ્યુઝીયમ તથા ઔષધિય પાક કૌતુકાલય તેમજ નર્સરીની મુલાકાત કરાવેલ. સદર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન શ્રીમતી અમીતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) તથા શ્રીમતી અંજલી જાદવ, પ્રો.આસી.(ગૃ.વિ.)દ્વારા કરવામાં આવેલ.

તા.૦૬/૦૮/૨૦૧૭ ના રોજ મહિલાઓને ઇસરામા ગામ ખાતે નર્સરીમાં ધરૂ ઉછેરના વ્યવસાય દ્વારા આર્થિક ઉપાર્જન" વિષય અંતર્ગત પ્રગતિશીલ મહિલા કિસાનના નેટ હાઉસની મુલાકાત તથા પ્લગ ટ્રેમાં ધરૂં ઉછેરનું પ્રત્યક્ષ નિદર્શન કરાવવામાંઆવ્યું.

## “મહિલા કૃષિ દિવસ”ની ઉજવણીની ઝાંખીઓ



અધ્યક્ષશ્રીનું ઉદબોધન



વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રીનું ઉદબોધન



સરગવા તથા તુલસીના રોપ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત



પ્રમાણપત્ર દ્વારા પ્રગતિશીલ મહિલાનું સન્માન



વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા માર્ગદર્શન



વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા માર્ગદર્શન



પ્રગતિશીલ મહિલા પશુપાલક દ્વારા સફળતાની ગાથા



પ્રગતિશીલ મહિલા કિસાન દ્વારા પ્લગ નર્સરી થકી સફળતાની ગાથા



મ્યુઝિયમની મુલાકાત



ઔષધિય પાક કૌતુકાલયની મુલાકાત



પ્લગ ટ્રેમાં ધરું ઉછેરનું પ્રત્યક્ષ નિદર્શન, ગામ: ઇસરામા



નેટ હાઉસ (પ્રગતિશીલ મહિલા ખેડૂત) મુલાકાત ગામ: ઇસરામા